# નવસારી કૃષિ યુનિવર્સિટી, એગ્રો આઈ. ટી. આઈ. સેન્ટર ખાતે

# કૃષિ અને સંલગ્ન વિષયના તાલીમ કાર્યક્રમમાં પ્રવેશ બાબત.

નવસારી કૃષિ યુનિવર્સિટી, દ્વારા કૃષિ અને તેના સંલગ્ન વ્યવસાયોના વિકાસ માટે વિવિધ પ્રકારની શૈક્ષણિક અભ્યાસક્રમો વિવિધ પ્રકારના સંશોધન કાર્ય તથા ખેડૂત ઉપયોગી વિવિધ પ્રકારની વિસ્તરણ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

આજની ખેતી ફકત પાક ઉત્પાદન પુરતી સીમીત નથી પણ ખેતી સાથે દૂધ ઉત્પાદન એટલે કે પશુપાલન પણ અનિવાર્ય એવો પૂરક વ્યવસાય છે. જેમાં પશુ સંવર્ધન અને પશુપોષણ મહત્વના ઘટકો છે.દૂધનું વધુ તથા પોષણક્ષમ ઉત્પાદન મેળવવા માટે વૈજ્ઞાનિક રીતે પશુપાલનની માહિતી આવશ્યક છે. વધુમાં મરઘા પાલન પણ એક વ્યવસાય તરીકે વિકાસ પામી રહયો છે. ત્યારે ઉત્કૃષ્ટ મરઘાંપાલન અંગે મરઘાપાલકોને જરૂરી વૈજ્ઞાનિક પદ્ધતિની કૌશલ્યલક્ષી તાલીમ સાથે જાણકારી આપવી જરૂરી છે. આ ઉપરાંત ગામડા તથા શહેરોમાં લોકોને તાજુ શાકભાજી મળી રહે તે માટે કીચન ગાર્ડનીંગ તથા હોમ ગાર્ડનીંગનો વ્યાપ વધારવાની જરૂરિયાત છે. હાલમાં મશરૂમની માંગ ખાસ કરીને શહેરી વિસ્તારની હોટલોમાં વધી રહી છે. ખેતીના પૂરક વ્યવસાય તરીકેની મશરૂમની ખેતીમાં પણ વ્યાપક તકો ઉભી થઈ રહી છે. મોટા પાયે મશરૂમની ખેતી અંગેની જાણકારીનો પણ અભાવ પ્રવર્તમાન છે.

ઉપરોકત દર્શાવેલ ખેતી અને ખેતીના પૂરક વ્યવસાયોની અત્યંત આધુનિક જાણકારી દરેક ખેડૂતો સુધી પહોંચે તે આજની તાતી જરૂરિયાત છે. કૃષિ યુનિવર્સિટીઓ તથા અન્ય સંસ્થાઓ દ્વારા આ પ્રથત્નો હાલ ચાલું છે, પરંતુ આ પ્રયત્નો પુરતા નથી. દરેક ખેડૂતોને કૌશલ્યલક્ષી આ અંગેની વ્યવસાયિક જાણકારી મળી રહે તે માટે જે તે ખેતીના કુશળ માનવ સ્ત્રોતો તૈયાર કરવા માટે હાલમાં ગુજરાત રાજયમાં કોઈ સંસ્થા નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા સને ૨૦૧૧ માં નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિ પ્રોદ્યોગિક તાલીમ સંસ્થા ચાલુ કરવામાં આવી છે. આ તાલીમ સંસ્થા દ્વારા કુશળ માનવસ્ત્રોતો તૈયાર કરવામાં આવશે. આ માટે ખાસ કરીને ગામડામાં રહેતા યુવાનોને તાલીમ આપવામાં આવશે. આ પ્રમાણે તૈયાર થયેલ યુવાનો પોતે સ્વતંત્રરીતે ખેતી અથવા તેના પૂરક વ્યવસાયો અપનાવી આવક ઉભી કરી શકશે. અથવા પોતે લીધેલી તાલીમનો ઉપયોગ કરી જરૂરિયાતમંદ ખેડૂતોને માહિતીનું પ્રદાન કરી રોજગારી મેળવી શકશે.

તેને ધ્યાનમાં રાખી અત્રેની યુનિવર્સિટી દ્વારા એગ્રો આઈ. ટી. આઈ. સેન્ટર કે જે અતીક કેન્દ્ર ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર ખાતે નીચે જણાવ્યા મુજબના તાલીમ કોર્ષની શરૂઆત માહે ઓકટોબર – ડિસેમ્બર માસ દરમ્યાન કરવામાં આવનાર છે.

| અ. નં. | તાલમીનું નામ | સમયગાળો | તાલીમની શરૂઆત | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | સેન્દ્રિય ખેતી પર ટુંકા ગાળાની તાલીમ | એક માસ | ડિસેમ્બર | વાંચી–લખી શકે તેવા ખેડૂતો |
| ૨ | કીચન ગાર્ડ – હોમ ગાર્ડન તાલીમ | એક માસ | ડિસેમ્બર | ધોરણ–૧૦ પાસ (ફકત બહેનો માટે) |
| ૩ | પાક જીવાતનું જૈવિક નિયંત્રણના વિષયોનો અભ્યાસક્રમ | એક માસ | ડિસેમ્બર | ધોરણ – ૮ પાસ |
| ૪ | ગાય અને ભેંસોમાં પ્રજનન વ્યવસ્થાપન તાલીમ કાર્યક્રમ | એક માસ | ઓકટોબર | ધોરણ – ૮ પાસ |
| ૫ | પશુપાલન તાલીમ સૈદ્ધાંતિક અભ્યાસક્રમ | એક માસ | ઓકટોબર | ધોરણ – ૧૦ પાસ |
| ૬ | મરઘાં ઉછેર તાલીમ સૈદ્ધાંતિક અભ્યાસક્રમ | એક માસ | ઓકટોબર | ધોરણ – ૧૦ પાસ |

તો પ્રવેશ મેળવવા ઈચ્છુક તાલીમાર્થીઓએ રસ ધરાવતા તાલીમાર્થીઓએ કોર્ષમાં પ્રવેશ મેળવવાના ફોર્મ નિયત કરેલ ફોર્મ ફી ભરી મેળવી ભરીને તા. ૩૦/૦૯/૨૦૧૨ સુધીમાં મોકલવાના રહેશે. વધુ વિગત મેળવવા અત્રેની એગ્રીકલ્ચરલ ટેકનોલોજી ઈન્ફોરમેશન સેન્ટર (અતીક) નો સંપર્ક કરવા વિનંતી છે.

ફોન નંબર : ૦૨૬૩૭ (૨૮૨૭૮૬) મોબાઈલ નંબર : ૯૬૦૧૨૮૩૩૮૧

વિસ્તરણ શિક્ષણ નિયામક